## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... પ્લાસ્ટીક મુક્ત વિસ્તારનું તમારું સ્વપ્ન છે તે સ્વપ્ન આ લોકો જ પુરું કરી શકે તેમ છે...!!**

# પટેલ સમાજના યુવક યુવતીઓ લગ્ન સંબંધી માહિતી બાબત

ન્યુ રાજકોટ પટેલ સમાજ દ્વારા સમગ્રગુજરાતમાં વસતા પાટીદાર સમાજના સંતાનો સમાજમાં પરણે જેથી સંસ્કારો સમાજમાં રહે તે શુભ હેતુથી પટેલના દિકરા કે દીકરી બીજી જ્ઞાતિમાં લગ્ન ન કરે અને પસંદગી પાત્રો મળી રહે તેવા હેતુથી યુવક યુવતીઓ પોતાના લગ્ન વિષયક સંપૂર્ણ બાયોડેટા સાથે કુરીયર, પોષ્ટથી મોકલી આપશો. પીતાંબરભાઈ ટીંબડીયા વંદેમાતરમ યુનિવર્સિટી મેઈન રોડ ચંદ્રમોલેશ્વર મંદિરની પાછળ રાજકોટ મો. નં. ૯૪૨૯૩ ૧૨૮૨૮ મોકલવા જણાવેલ છે.

# અપહરણ અને હત્યાના ગુન્હામાં વોન્ટેડ આરોપીને ક્રાઈમ બ્રાન્ચે જૂનાગઢથી દબોચ્યો

ગાંધીનગર, તા. ૧૮

એન્ટીક ચશ્માની લાલચ આપી અપહરણ કરી તેનુ મોત નિપજાવવાના ગુન્હામાં પાંચ માસથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે જૂનાગઢથી ઝડપી પાડ્યો હતો અને આગળની કાર્યવાહી માટે ઈન્ફોસીટી પોલીસને હવાલે કર્યો હતો.

આ ઘટનાની વિગત એવી છે કે પાંચ માસ અગાઉ ભૂપેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (રહે. પીડીપીયુ, ગાંધીનગર)નું કેટલાક ઈસમોએ એન્ટીક ચશ્માની લાલચ આપી ખંડણીના ઈરાદે ભાવેશ મનુભાઈ પટેલે તેના સાગરીત સાથે મળી અપહરણ કર્યુ હતુ અને અપહ્યુતના પરિવાર સગા-સંબંધી પાસે રૂ. ૧૩,૯૪,૦૦૦ની રકમની ખંડણી માંગી હતી. જે સગા-સંબંધીઓએ આપી હતી. બાદમાં ભૂપેન્દ્ર પટેલને ઢોર માર મારી છોડી મુક્યો હતો. ગંભીર ઈજાઓના કારણે તેનુ હોસ્પિટલમાં મોત થયુ હતુ. આ મામલે ઈન્ફોસીટી પોલીસમાં ગુન્હો નોંધાયો હતો. દરમિયાન આજે આરોપી ભાવેશ મનુભાઈ પટેલને મદદ કરનાર આરોપી જયેન્દ્રભાઈ



અરૂણકુમાર વૈદ્ય (રહે. આશિષ-૩, ગીરીરાજ સોસાયટી, જૂનાગઢ)ની શંકાસ્પદ ભૂમિકા હોવાથી ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક વિજય પટેલ અને એલસીબી પી.આઈ. ટી.આર. ભટ્ટે ટીમને જૂનાગઢ મોકલી આપી હતી. જ્યાં ટીમે આરોપી જયેન્દ્ર વૈદ્યને ઝડપી પાડી ગાંધીનગર લઈ આવી હતી અને પુછપરછ કરતા આ ગુન્હામાં પોતાની સંડોવણી હોવાની કબુલાત કરી હતી.

# 'વર્કર' શબ્દ બદલીને આસીસ્ટન્ટ કરવા બાબતે આરોગ્ય કાર્યકર મંડળ દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૮

વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર (પુરૂષ) મંડળ ગાંધીનગર દ્વારા અન્ય રાજયો તેમજ ગુજરાત રાજયની અન્ય તેમની કેડરનાં સમકક્ષ ગ્રેડ પે તથા પગારધોરણની વિસંગતતા બાબતે તેમજ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર પોસ્ટમાંથી 'વર્કર' શબ્દ બદલીને 'આસીસ્ટન્ટ' કે 'ઈન્સ્પેકટર' શબ્દ રાખીને નામ બદલી કરવા બાબતે આવેનદપત્ર આપવામાં આવ્યું હતું.

કર્મચારીઓના મંડળ વતી સરકારમાં રજૂઆત કરવા માટે ગાંધીનગર ડેપ્યુટી કલેકટર જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ઉપજિલ્લા આરોગ્ય અધિકારી પિયુષ પટેલ, એમ.એલ.એ. બલરાજસિંહ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરને આવેનદપત્ર આપવામાં આવ્યું હતું.

# જિલ્લામાં ૨૦ મુદ્દા અમલીકરણ અંતર્ગત ૨૭૫ હેક્ટરમાં વૃક્ષો વવાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૨૦ મુદ્દા અમલીકરણ યોજના અંતર્ગત ૨૭૫ હેક્ટરમાં વનીકરણના કામો હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ રાજ્યના વિકાસ કમિશ્નરશ્રી દ્વારા આ માટે ૧.૭૯ લાખ રોપાઓનું વાવેતર કરવાનો લક્ષ્યાંક જિલ્લાને આપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૭૫ હેક્ટરથી લઈ ૨૦૦ હેક્ટર સુધીના વિસ્તારોમાં વીસ મુદ્દા અમલીકરણ હેઠળ રાજયના ૩૩ જિલ્લાઓમાં વનીકરણ કરવામાં આવશે.

રાજ્યના ૩૩ જિલ્લાઓને આ માટે ૧૨ હજાર હેક્ટરનો અને ૭૮ લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજ્યના ૧૬ જિલ્લામાં ૪૦૦થી ૪૭૫ હેક્ટર વિસ્તારમાં વૃક્ષોના વાવેતરનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. ૧૦ જિલ્લાઓને ૩૦૦થી ૩૭૫ હેક્ટર વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક અપાયો છે. તો નવ જિલ્લામાં ૨૦૦થી ૩૦૦ હેક્ટર વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલ છે.

# ટીંટોડા ગામે ત્રણ જુગારીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીકના ટીંટોડા ગામે સવાજીવાસ ખાતે જાહેરમાં જુગાર રમતા ત્રણ જુગારીઓને પેથાપુર પોલીસે ઝડપી પાડયા હતા. પોલીસ દરોડામાં રૂ. ૧૮૦૦ની રોકડ અને જુગાર સાહિત્ય જપ્ત કરી તમામ જુગારીયાઓને જેલ હવાલે મોકલી આપ્યા હતા.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક ટીંટોડા ગામ આવેલું છે. જયાં સવાજીવાસ પાસે જાહેરમાં કેટલાક લોકો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હતા. આ જુગારની માહિતી અંગે પેથાપુર પોલીસને જાણ થતા પોલીસે બનાવ સ્થળે દરોડો પાડયો હતો અને જુગાર રમતા ઈશ્વર પરસોત્તમ ગોસ્વામી, અજમલ નાથાજી ઠાકોર અને બાબુજી શંભુજી ઠાકોર (રહે. ટીંટોડા)ને જુગાર રમતા ઝડપી પાડયા હતા. પોલીસે દરોડામાં રૂ.૧૮૦૦નો મુદ્દામાલ અને જુગાર સાહત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે પેથાપુર પોલીસના નરેન્દ્રભાઈ સુંધાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

### લીંબડીયા નજીક હિટ એન્ડ રન

# હોન્ડાસીટી કારની ટકકરે બાઈકચાલકનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા-નરોડા માર્ગ પર લીંબડીયા પાટીયા પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં ઓવરસ્પીડથી દોડી આવતી કારે બાઈક ચાલકને જોરદાર ટકકર મારતા ભયાનક અકસ્માતમાં બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયુંહતું. આ મામલે ડભોડા પોલીસે કારના ચાલક વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા-નરોડા નેશનલ હાઈવે નં. ૮ પર લીંબડીયા ગામ પાસે યોગેશ્વર નર્સરી ફાર્મ આવેલું છે. જેની સામે માર્ગ પરથી અમદાવાદના સાબરમતીનો યુવાન પ્રકાશ લક્ષ્મણભાઈ ચાવડા પોતાની મોટર સાઈકલ પર સાંજે પસાર થઈ રહ્યો હતો. આજ સમયે પુરપાટ ઝડપે દોડી આવતી હોન્ડાસીટી કાર નં. જીજે ૭ એચ-૨૬૮ના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી બાઈક ચાલકને જોરદાર ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક માર્ગ પર પટકાતા તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ મામલે મૃતક બાઈક ચાલકના ભાઈ ત્રિલોક લક્ષ્મણદાસ ચાવડાએ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે ડભોડા પોલીસે કારના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. જેની તપાસ પી.એસ.આઈ. દેસાઈ ચલાવી રહ્યા છે.



## ફિમેલ હેલ્થ વર્કરોનું પડતર પ્રશ્નોના મુદ્દે આવેદનપત્ર

ગાંધીનગરમાં આજે ટ્રેઈન્ડ નર્સિસ એસોસિએશનના નેજા હેઠળ ફિમેલ હેલ્થ વર્કરો દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય, જિલ્લા પંચાયત તેમજ કલેક્ટર કચેરી ખાતે તેમની પડતર પ્રશ્નો અંગેની માંગોને અનુલક્ષીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં ફિમેલ હેલ્થ વર્કરોને ટેકનિશિયન ગણવા સાથે તેમને સાતમા પગાર પંચનો લાભ, ઘરભાડાં એલાઉન્સ ઉપરાંત કામની વહેંચણી અંગેના મુદ્દાઓને સમાવી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં મુખ્યમંત્રી ઉપસ્થિત ના હોવાથી તેમનુ આવેદનપત્ર મુખ્યમંત્રીના અંગત મદદનીશે સ્વીકાર્યુ હતુ. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# બિટકોઈન કેસમાં નલિન કોટડિયાને કોર્ટ દ્વારા ભાગેડુ જાહેર કરાયા

## જો ૩૦ દિવસમાં તપાસનીશ એજન્સી સીઆઇડી ક્રાઇમ સમક્ષ હાજર નહી થાય તો મિલ્કત જપ્ત કરવા કાર્યવાહી

અમદાવાદ,તા.૧૮

ગુજરાતભરમાં ખળભળાટ મચાવનારા બીટકોઈન કૌભાંડમાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાને અત્રેની સ્પેશયલ એસીબી કોર્ટે સીઆરપીસીની કલમ-૮૨ હેઠળ ભાગેડુ(ફરારી) જાહેર કરવાની મંજૂરી માંગતી સીઆઈડી ક્રાઈમની અરજી એક અતિ મહત્વના ચુકાદા મારફતે મંજૂર કરી હતી. સ્પેશયલ જજ પી.જે.તમાકુવાલાએ પોતાનો ચુકાદો આજે ખુલ્લી અદાલતમાં જાહેર કરી કોટડિયાને ભાગેડુ જાહેર કરવાની મંજૂરી સીઆઈડી ક્રાઈમને આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે, જો આરોપી નલિન કોટડિયા ૩૦ દિવસમાં સીઆઈડી ક્રાઈમ સમક્ષ હાજર નહી થાય તો તપાસનીશ એજન્સી ત્યારબાદ તેમની મિલ્કતોની જપ્તીની કાર્યવાહી કરી શકશે. ઉપરાંત આ જ કેસમાં પકડાયેલા આરોપી એડવોકેટ કેતન પટેલના ભાઈ જતીન પટેલ વિરૂધ્ધ સીઆરપીસીની કલમ-૭૦૨ મુજબ, ધરપકડ વોરંટ પણ કોર્ટે જારી કર્યું હતું. બિટકોઈન કેસમાં કોર્ટના આજના ચુકાદાને પગલે બહુ મહત્વનું ડેવલપમેન્ટ જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, બીટકોઈન કેસમાં સીઆઈડી ક્રાઈમના વારંવારના સમન્સ અને તાકીદ છતાં નલિન કોટડિયા તપાસનીશ એજન્સી સીઆઈડી ક્રાઈમ સમક્ષ હાજર નહી થતાં અગાઉ સીઆઈડી ક્રાઈમ દ્વારા કોટડિયાની વિધિવત્ ધરપકડ માટે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં સીઆરપીસીની કલમ-૭૦ હેઠળ વોરંટ મેળવવા અરજી કરી હતી, જેમાં સ્પેશ્યલ એસીબી કોર્ટે આરોપી નલિન કોટડિયા વિરૂધ્ધ કલમ-૭૦ હેઠળનું તેમની ધરપકડ માટેનું વોરંટ જારી કર્યુ હતું. જો આ વોરંટ બાદ પણ કોટડિયા હાથમાં નહી આવતાં સીઆઈડી ક્રાઈમ તરફથી નલિન કોટડિયાને ભાગેડુ(ફરારી) જાહેર કરવાની મંજૂરી માંગતી અરજી કરાઈ હતી. જેમાં તપાસનીશ એજન્સી તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર સુધીર બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ચકચારભર્યા બિટકોઈન કેસમાં નાસતા ફરતા ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા રાજય બહાર હોવાની આશંકા પ્રવર્તી રહી છે અને તેને લઈ સીઆઈડી ક્રાઈમે છથી વધુ જુદી જુદી તપાસ ટીમોને દોડતી કરી છે. ચકચારભર્યા બિટકોઈન કેસમાં નાસતા ફરતા અમરેલી પોલીસના ૭ કોન્સ્ટેબલ તથા કેતન પટેલના ભાઈ જતિન પટેલ અને ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા સહિત નવ આરોપીઓની ધરપકડ આ કેસમાં હજુ બાકી છે. એક તરફ છેલ્લા કેટલાક દિવસોથી નલિન કોટડીયા નિર્દોષ હોવાના ખુલાસા આપી રહ્યા છે અને આ મામલે ગૃહમંત્રી અને સીઆઈડીને પત્ર લખીને તમાશો કરી રહ્યા છે.

સીઆઈડી ક્રાઈમ તરફથી વારંવાર સમન્સ પાઠવવા છતાં અને તેમને તાકીદ કરવા છતાં કોટડિયા તપાસનીશ એજન્સી સમક્ષ હાજર નહી થતાં હવે સીઆઈડી ક્રાઈમ દ્વારા આ કાનૂની સહારો લેવામાં આવ્યો છે. સીઆઈડી ક્રાઈમે સંભવિત તમામ સ્થાનો પર કોટડિયાની તપાસ કરી પરંતુ કોટડિયા હજુ સુધી મળી આવ્યા નથી અને સમગ્ર કેસમાં નાસતા ફરે છે. આ સંજોગોમાં કોર્ટે નલિન કોટડિયા વિરૂધ્ધ સીઆરપીસીની કલમ-૮૨ હેઠળ તેમને ભાગેડુ જાહેર કરવાની મંજૂરી આપવામાં આવે. જેથી તપાસનીશ એજન્સી રાજયમાં કે રાજય બહાર આ સમગ્ર કૌભાંડની તપાસના ભાગરૂપે નલિન કોટડિયાની ધરપકડ માટે અન્ય પોલીસ કે એજન્સીઓની મદદથી સીઆરપીસીની કલમ- ૮૨ અને ૮૩ હેઠળની કાર્યવાહી કરી શકે.



## લીંબડીયા ગામે 'સંપર્ક ફોર સમર્થન' અંતર્ગત જીતુ વાઘાણીએ મુલાકાત લીધી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા શરૂ કરાયેલ 'સંપર્ક ફોર સમર્થન' અંતર્ગત ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે 'સાફ નિયત, સહી વિકાસ' મંત્રને ચરિતાર્થ કરવા માટે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ લીંબડીયા ગામના સરપંચ હર્ષદ પટેલ તથા તેમના પત્ની રિંકુ પટેલ સાથે મુલાકાત કરી હતી. લીંબડીયા ગામમાં આર.ઓ. પ્લાન્ટનું એ.ટી.એમ. મશીન નખાવવામાં આવ્યું છે તેમજ ગામમાં આંગણવાડી, સો ટકા ગટરલાઈન તથા સંપૂર્ણપણે કચરાના નિકાલની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત જળસંચયના મહાઅભિયાન અંતર્ગત ગ્રામજનોની લોકભાગીદારી થકી ચાર તળાવો વીસથી પચીસ તથા પિસ્તાળીશ ફૂટ સુધી ઊંડા કરવામાં આવ્યા છે. ૧૮૦૦ની વસ્તી ધરાવતા ગામમાં ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય છે. આ ઉપરાંત, દરેક શેરીમાં સ્ટ્રીટલાઈટની સુવિધા છે. ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ લીંબડીયા ગામના આ દંપતિ સાથે મુલાકાત કરી હતી તથા તેમનો સંપર્ક સાધીને તેમને સમર્થન આપવા માટે માંગણી કરી હતી.

# ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની નવીન કચેરીનો કાર્યારંભ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ની નવીન




કચેરીનો કાર્યારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરાવ્યો હતો.

સે. ૧૦ (બી)ના કર્મયોગીભવનમાં કાર્યરત થયેલી આ કચેરી રાજ્યની અતિપછાત જાતિઓની સામાજિક, શૈક્ષણિક તેમજ આર્થિક સ્થિતિ સુધારવા અંગે વિવિધ યોજનાઓ તૈયાર કરી તેની મંજૂરી અને અમલીકરણની કામગીરી કરે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અતિપછાત સમાજ પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવીને ગુજરાત અનુ. જાતિ - અતિપછાત વિકાસ નિગમને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)નું ૨૦૧૭માં સન્માનજનક નામાભિધાન કર્યું છે. આ નિગમ દ્વારા અત્યાર સુધીમાં ૩૭૩૪ લાભાર્થીઓને વિવિધ સહાય-લોન અંતર્ગત કુલ ૧૬ કરોડ ૫૯ લાખ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ-નવી દિલ્હીના સહયોગથી સીધા ધિરાણ યોજના અન્વયે માઈક્રો ક્રેડિટ ફાયનાન્સ, મહિલા સમૃદ્ધિ યોજના, પેસેન્જર ઓટો રિક્ષા માટે ધિરાણ, ઈ-પેસેન્જર રિક્ષા - કેરિયર વાહન માટે તેમજ ઊંટ લારી માટે ધિરાણ આ નિગમ આપે છે.

નિગમની આ નવીન કચેરીના કર્મયોગી ભવનના બ્લોક નં. ૨, ડી-૨ વીંગના ચોથા માળે શુભારંભ વેળાએ સામાજિક ન્યાય-અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર, સાંસદ શંભુપ્રસાદ ટુંડિયા, ડૉ.કિરીટભાઈ સોલંકી અને વિનોદભાઈ ચાવડા તથા નિગમના અધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા, નિયામકો, સંતો અને પદાધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં વિવિધ સમાજવર્ગો ઉપસ્થિત રહ્યા હતાં.

# સિવિલના ગાયનેક વિભાગની લક્ષ્યની ટીમે મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલમાં ગાયનેક વિભાગમાં કાર્યરત લક્ષ્ય પ્રોજેકટની કામગીરીને અનુલક્ષીને આજે બે ડોકટરની ટીમે સિવિલની મુલાકાત લીધી હતી.નેશનલ હેલ્થ સિસ્ટમ રિસર્ચ સેન્ટરની ટીમે ગાયનેક વિભાગનું ઓપરેશન થિયેટર તથા લેબરરુમનું મુલ્યાંકન કર્યું હતું. ટીમની બંન્ને મહિલા સભ્યોએ ઓપરેશન થિયેટર તથા લેબર રુમમાં ફરજ બજાવતા ડોકટર્સ સાથે કવોલીટી ઈમ્પ્રુવમેન્ટ અંગે માહિતી નું આદાન પ્રદાન કર્યું હતું. તેમજ ગાયનેક વિભાગમાં સગર્ભા મહિલાઓ તથા નવજાત શીશુને આપવામાં આવતી સેવાઓની પણ માહિતી એકત્ર કરી હતી. ટીમ દ્વારા લક્ષ્ય પ્રોજેકટ અંતર્ગતઆજે કરવામાં આવેલા મુલ્યાંકનને ટુંક સમયમાં જ કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ રજુ કરવામાં આવશે. આરોગ્ય વિભાગ બાદ મુલ્યાંકનના રીપોર્ટની ચકાસણી કરી ગાયનેક વિભાગમાં તબીબો દ્વારા આપવામાં આવતી સેવાઓ તથા સાધન સામગ્રી કવોલીટી અંગે સુધારા વધારા કરવાની સુચના સિવિલ તંત્રને આપશે તેમ સિવિલના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. આ પ્રોજેકટ અંતર્ગત સિવિલના ગાયનેક વિભાગને કવોલીટી મેઈન્ટેન રાખવાની હોય છે. પ્રસુતા મહિલાઓને કેવા પ્રકારની સેવા આપવામાં આવે છે તે સહિતની કામગીરીનું નિરીક્ષણ ટીમ દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં આજે ટીમે લેબર વોર્ડ, રેકર્ડ, સ્ટાફની તપાસ અને પ્રસુતાઓને આપવામાં આવતી સારવારની ગુણવત્તા જોઈ હતી. ટીમ આવતીકાલે ભારત સરકારમાં રીપોર્ટ કરશે ત્યારબાદ ભારત સરકારને આ હોસ્પિટલ ગુણવત્તા યુકત લાગે છે કે કેમ ત્યારબાદ લક્ષ્ય પ્રોજેકટનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

# મોદી ૨૦મીએ દેશના ખેડૂત સાથે વિસ્તૃત વાતચીત કરશે

અમદાવાદ, તા.૧૮

લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીએ આક્રમક તૈયારીઓ શરૂ કરી દીધી છે. લોકસંપર્ક સાથે સંબંધિત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આના ભાગરુપે આગામી દિવસોમાં પણ અનેક કાર્યક્રમો યોજાનાર છે. મળેલી માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦મી જૂનના દિવસે દેશભરના ખેડૂતો સાથે નમો એપ અને અન્ય માધ્યમો મારફતે વાતચીત કરશે. આ ઉપરાંત ભાજપ કિસાન મોરચા તરફથી રાજયભરમાં શક્તિ કેન્દ્રો પર ખેડૂતોની સાથે સમૂહમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમોને સમૂહમાં સાંભળવામાં આવશે.

# રાજયકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે કરાશે

ગાંધીનગર, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી વર્ષ-૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સમાં ભારતીય યોગ પરંપરાને વૈશ્વિક સ્વીકૃતિ મળી છે. વર્ષ-૨૦૧૫થી વિશ્વના અનેક દેશોમાં ૨૧મી જૂનને વિશ્વ યોગ દિન તરીકે ઉજવતા આવ્યા છે. આજ સ્વીકૃતિને વધુને વધુ વ્યાપક અને સર્વ સમાવેશક બનાવવાના હેતુ સાથે છેલ્લા ત્રણ વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતમાં તા.૨૧ જૂન 'ચોથા વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સરદાર પટેલ સ્ટેડીયમ, અમદાવાદ ખાતે કરાશે. રાજ્ય સરકાર અને પતંજલી યોગ પીઠના સંયુકત યોજાનાર આ કાર્યક્રમમાં સ્ટેડીમ ખાતે અંદાજે ૧૦,૦૦૦ જેટલા લોકો એક સાથે યોગ કરશે. ઉપરાંત અમદાવાદ કલેક્ટર અને મહાનગર પાલિકાના સંયુકત પ્રયાસોથી સમગ્ર અમદાવાદમાં જુદા જુદા વોર્ડ, શાળા-કોલેજ કેમ્પસ, બાગ-બગીચા અને કોમ્પ્લેક્ષ જેવી વિવિધ જગ્યાઓ ઉપર અંદાજે ૫ લાખ જેટલા લોકો યોગ કરીને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગીદાર બનશે. આ દિવસે રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રમત ગમત, સાહિત્ય, ઉદ્યોગ અને ફિલ્મ જગતની વિવિધ સેલિબિટિઝને ખાસ આમંત્રિત કરવામાં આવશે.

વિશ્વ યોગ દિવસ એ સમગ્ર રાજ્યનો યોગ દિવસ બની રહે અને તમામ ગુજરાતીઓ જોડાય તેવા હેતુથી ગામ, તાલુકા, શેહરો અને જિલ્લા મથકોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં યોગ દિવસના સુચારૂ આયોજન માટે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને રાજયકક્ષાની સમિતિ પણ બનાવવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકાકક્ષાએ પણ સંકલન સમિતિની રચના કરવામાં આવી છે.

વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ, યુનિવર્સિટી, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંગઠનો ભાગ લેશે. આ ઉપરાંત વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રયાસોથી તેમના અનુયાયીઓ પણ મોટી સંખ્યામાં યોગ દિવસની ઉજવણીમાં જોડાશે.

પ્રથમ વર્ષ વિશ્વ યોગ દિવસ ૨૧-૬-૨૦૧૫ના રોજ ૧૦૮.૮૭ લાખ, દ્વિતીય વિશ્વયોગ દિવસ, ૨૧-૬-૨૦૧૬ના રોજ ૧૦૩.૭૩ લાખ અને તૃતિય વિશ્વયોગ દિવસ ૨૧-૬-૨૦૧૭ના રોજ ૧૧૬.૫૫ લાખ વ્યકિતઓએ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આજ રીતે આગામી વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સમગ્ર રાજ્યમાં જનભાગીદારી વધે એ રીતે આયોજન હાથ ધરવામાં આવ્યું છે, તેમ સચિવશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની યાદીમાં જણાવાયું છે.